dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
September 2011 For private circulation only Vol. 03 - Issue 65

સારા શિક્ષકને વિદ્યાર્થીઓ પ્રત્યે સ્નેહ હોવો જોઈએ. એને 'ભણાવવું' ગમવું જોઈએ, વિદ્યાર્થીને નવું નવું શીખવાની પ્રેરણા આપવી, એનામાં સર્જકતાનો દીવો પ્રગટાવવો-એ શિક્ષકનું ધ્યેય હોવું જોઈએ. એણે વિદ્યાર્થીને આજીવન સ્વયંશિક્ષિત બનાવવાની કોશિશ કરવી જોઈએ.

એ.પી.જે. અબ્દુલ કલામ

તમામ ઉન્નતિનું મૂળ શિક્ષણ છે. આહાર, નિદ્રા, ઈન્દ્રિયસુખ, પશુ માનવીમાં સરખાં છે. બુધ્ધિ અને શિક્ષણ જ માનવીની વિશેષતા છે. શિક્ષણનો અર્થ નકરી પુસ્તકીવિદ્યા પણ નથી. શિક્ષણ જિંદગી જીવવાની તાલીમ અને સફળ જિંદગીની કળા છે.

સ્વામી વિવેકાનંદ

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

શિક્ષણ વિશે સતત લખાતું રહયું છે, લખાતું રહેશે, લખાતું રહેવું જોઈએ. શિક્ષણ એક એવો વિષય છે જેનો સંબંધ માનવ નિર્માણ અને એ દ્વારા રાષ્ટ્રનિર્માણ સાથે છે. શિક્ષણ રાષ્ટ્રનો પાયો છે. જે રાષ્ટ્રનો પાયો વધારે મજબૂત, તે રાષ્ટ્રની ઈમારત તેટલી વધારે ટકાઉ. ત્રણ શબ્દો અને ખાસ તો એના અર્થો યાદ રાખવાના છે : ચણતર - ભણતર અને ઘડતર. શિક્ષણ પ્રવૃત્તિ ચણતરથી ભલે આરંભ થતી હોય પણ તે ઘડતરના શિખર સુધી પહોંચવી જરૂરી છે. શિક્ષકની એ જવાબદારી છે ને એણે એ ખૂબીપૂર્વક સાનંદ નિભાવવાની છે. એ માટે શિક્ષક પાસે ધગશ, નિષ્ઠા, જાગૃતિ, શ્રદ્ધા, ધીરજ અને પરિશ્રમના ગુણ જરૂરી છે. આ ઉપરાંત પોતાના વિદ્યાર્થી પ્રત્યે એના હૃદયમાં તીવ્ર વાત્સલ્યભાવ હોવો જોઈએ. મૂર્ધન્ય સાહિત્યકાર અને કેળવણીકાર ઉમાશંકર જોશીએ 'વત્સદ્રષ્ટિ' એવો શબ્દ પ્રયોગ કર્યો છે. તેમણે લખ્યું છે : 'વત્સની દ્રષ્ટિ આપણામાં નથી ખીલતી એટલે સામા માણસનું આનંદ સ્વરૂપ પમાતું નથી, ઢંકાયેલું રહે છે. જો આપણામાં વત્સદ્રષ્ટિ ખીલે, જો આપણે વત્સધર્મી બનીએ, તો ગમે તે - અને ગમે તેવું - આપણને આનંદ આનંદ અને આનંદ જ આપનારું નીવડે'. એ માટે શિક્ષક પાસે હૃદયભાવની મૂડી જોઈએ.

બીજી એક વાત... શિક્ષણ - જ્ઞાનનો સંબંધ માણસની એક જ ઈન્દ્રિય સાથે નથી. સ્પર્શ, ગંધ, શ્રવણ, ચક્ષુ વગેરે મગજની સાથે સાથે ખૂલે - ખીલે - વિકસે - વિલસે તે તરફ શિક્ષકે ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. વ્યકિતનું એકાંગી જ્ઞાન તેને પેતાને અને સમગ્ર સમાજને નુકસાન પહોંચાડે જે આજે આપણી ચોતરફ બનતું આપણે અનુભવી રહયા છીએ. છતાં સૌ ટાઢા હૃદયે બેઠા જણાય છે !

શિક્ષકનું કર્તવ્ય વિદ્યાર્થીનું વ્યકિતત્વ ખીલવવાનું એટલું માત્ર નથી; ન હોઈ શકે, ન હોવું જોઈએ. પોતાના અસ્તિત્વ તરફ વિદ્યાર્થી અભિમુખ થાય તેવું શિક્ષકે કરવાનું છે. વ્યકિતત્વ તો બહાર છે અને જે બહાર છે તે ક્ષણભંગુર છે. જયારે અસ્તિત્વ ભીતર છે અને તે શાશ્વત છે. કબીર સાહેબના શબ્દો છે :

''ઈસ ઘટ અંતર સાત સમુન્દર ઈસી મેં નૌ-લખ તારા
ઈસ ઘટ અંતર પારસ મોતી, ઈસી મેં પરખનહારા''

આ અંદરનાં પારસ મોતી વિદ્યાર્થી શોધે - જાણે - પામે તે કામ શિક્ષકે કરવાનું છે. અખૂટ શકિતઓના ભંડાર સમાન વિદ્યાર્થીને પોતાની પાસેની શકિતઓનો સમુચિત ઉપયોગ કરતા શીખવવાનું છે. વિદ્યાર્થીમાં કુતૂહલ જન્મે, એ નિરીક્ષણ કરતો થાય અને પોતાનો મત બાંધતો થાય તેમ શિક્ષણના કર્તાહર્તા શિક્ષકે કરવાનું છે. આજના શિક્ષકે બીજું બધું છોડી આ કામ કરવાનું છે. માત્ર અધિકારો પ્રત્યે જ જાગૃત રહેવાને બદલે પોતાની ફરજો પ્રત્યે પણ એણે સભાનતા કેળવવાની છે. ગુજરાતી શાયર મરીઝ સાહેબની ગઝલનો એક શેર છે :

''પછી જે કંઈ મજા આવશે, બહુ સાચી મજા મળશે
'મરીઝ' એક જ શરત છે કે તજી દઈએ અધિકારો ''

નાલંદા કે તક્ષશિલા વિદ્યાપીઠનાં દ્રષ્ટાંતો આપણે કયાં સુધી આપતા રહીશું ? આપણી પાસે ગઈકાલે શું હતું તે નહીં પણ આજે આપણી પાસે શું છે તે જોવાનું છે. સ્વયં જીવનપર્યંત - શિક્ષક તરીકે જીવ્યા પછી દ્રષ્ટાંતરૂપ એકેય શાળાનું નિર્માણ આપણે નહીં કરીએ ? નવા સિધ્ધાંતોના સ્થાપનની વાત તો ઘણી દૂરની થઈ, પણ સ્થપાયેલ સિધ્ધાંતોનો પ્રચાર-પ્રસાર આપણે કેટલો કેટલામાં કર્યો ? શિક્ષક તરીકેની ચાળીસ પિસ્તાળીસ વર્ષની નોકરીમાં ચાળીસ પિસ્તાળીસ તો નહીં પણ પાંચ પંદર જેટલા વિદ્યાર્થીએ પણ આપણે સમાજને આપ્યા કે જેના માટે આપણે, વિદ્યાર્થી પોતે, એનું કુટુંબ, સમાજ કે રાષ્ટ્ર ગૌરવ લઈ શકે ? બીજા કોઈ આપણને આવો પ્રશ્ન કરે તે પહેલાં આપણે સ્વયં આપણી જાતને આવો પ્રશ્ન નહીં પૂછીએ ? ! પ્રશ્ન પૂછવાની તો શિક્ષકને ટેવ હોય છે ને ? નહીં ! પણ તે બીજાઓને જ ? શિક્ષક તરીકેની પોતાની ભૂમિકાને શિક્ષકે સમજવાની છે એટલું જ નહીં વિવેકપૂર્વક વિકસાવવાની છે. શિક્ષણ 'પવિત્ર' છે. એની 'પવિત્રતા' શિક્ષણ સાથે સંકળાયેલા આપણે સૌ કોઈએ જાળવવાની છે. નહીં જાળવે તો શિક્ષકને ય થોડું ઘણું નુકસાન થશે હોં ? વિમલા ઠકારના આ શબ્દો સાથે અટકું : 'આજે કર્મ કરીએ, આવતીકાલને સાચવી લઈએ'

૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૧

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## EDP for College Principals

The Association of Indian College Principals (AICP), the only registered non-government national organization of college Principals, and Guru Nanak Dev University are jointly organizing Executive Development Programme (EDP) for college Principals, Vice-Principals, Directors, at Dalhousie (HP) from Friday 7 October Tuesday 11 October 2011. The thrust area of the programme is, strengthening the educational leadership. It includes inputs on vision-mission, institution/team building, building good organizational culture, crisis management case studies, Core Values of the NAAC, Worldclass university, Learning organisation, Global Challenges, Reforms in Education, etc. The duration of the programme is five days with a course fee of Rs.9000/ (includes lodging, boarding, tuition, breakfast, course material), payable at Pune by DD in favour of Association of Indian College Principals. Interested Principals may contact immediately Prin. Dr. S. G. Palsodkar, "Rolum Tapovan", A-503, off Senapati Bapat Rd., Near Mendhi Farm, Pone (MS): 411016. Cell: 0/9850174794 or Prin. Dr. Shirish Chindhade on Ph: (020) 25447459. Cell: 0/9665050473. [e-mail: shirishvchindbade@yahoo.co.in] Limited seats only. Send DD for Rs. 9000/ payable at Pune to Dr. Palsodkar for registration. Spot registration is not entertained. Venue: Guru Nanak Dev University Holoday Home, Khajiar Road, Dalhousie (HP). For information contact Local Coordinator: Prin. Dr. R.K. Mahajan, Cell: 09814344854

## ગ્રંથાલય ડેટા

તા. ૧-૮-૨૦૧૧ થી તા. ૩૧-૮-૨૦૧૧ સુધીની માહિતી

| ક્રમ | વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧ | નોંધાયેલ કુલ સભ્યો | ૧૯૬૪ |
| ૨ | ઓગષ્ટ માસ દરમ્યાન નોંધાયેલ સભ્યો | ૯૨૮ |
| ૩ | ગ્રંથાલયના મુલાકાતીઓ | ૭૦૭૭ |
| ૪ | ઈન્ટરનેટ યુઝર્સ | ૧૨૬૭ |
| ૫ | નોંધાયેલ કુલ વાઈફાઈ યુઝર્સ | ૭૫ |
| ૬ | ઓગષ્ટ માસ દરમ્યાન નોંધાયેલ વાઈફાઈ યુઝર્સ | ૫૫ |
| ૭ | પુસ્તક ઈશ્યુ | ૨૦૩૯ |
| ૮ | પુસ્તક પરત | ૧૧૩૫ |

## જર્નલ્સની લેખ સૂચિ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા જર્નલ્સમાં સમાવિષ્ટ લેખોનો અનુક્રમ.

**VNSGU Journal of Science and Technology. (A Biannual Publication). Vol.1.Issue 2, July-December 2009. ISSN 0975-5446**

**Bioscience**

1 Antibacterial Activity of Some Medicinal Plants against the Pathogens Isolated from Dacryocystitis. (p. 123)
Shah C.P. and Joshi B.H.

**Chemistry**

2 Monoazo Styryl Reactive Dyes Based on Quinazoline System: Their Synthesis, Characterization and Application. (p. 128)
Patel D.R., Bilimoriya J.T. and Patel Keshav C.

**Computer Science**

3 An Analytical Model to Analyze Surfing Pattern of Web Surfer. (p. 138)
Chaurdhari Vimal K. and Desai Apurva A.

4 A Qualitative Approach for Identifying Parameters on Security Metrics for IT Infrastructure of an University. (p. 144)
Rana Prakash C. and Desai Apurva A.

5 Effective Software Development Scheduling. (p. 149)
Marfatia Amber R. and Morena Rustom D.

**Mathematics**

6 Positivity Results for Functional Differential Equations on Unbounded Intervals. (p. 161)
Salubkhe S.N. and Timol M.G.

7 Pressure Transient Data Analysis with Phase Redistribution in Matrix Participation in Fractal Reservoir. (p. 169)
Misha Asha, Bhathawala P.H. and Shah Dilip

8 FEM Solution of Fingero-Imbibition Phenomenon of Magnetic Fluid Through Porous Media. (p. 182)
Jain Smita, Patel Kaushal and Bhathawala P.H.

9 Finite Element Solution of the Two Dimensional Axisymmetric Boundary Layer Flow over a Moving Wall. (p. 190)
Joshi D.C.

10 Numerical Study of Free Convection About a Vertical Flate Plate Embedded in a Saturated Porous Medium With Heat Transfer. (p. 196)
Joshi D.C.

**Physics**

11 Wireless Embedded Control System for Green House Automation. (p. 205)
Lad Hitesh J. and Joshi Vibhuti G.

**VNSGU Journal of Science and Technology. (A Biannual Publication). Vol.2.Issue 1, January-June 2010. ISSN 0975-5446**

**Bioscience**

1 Studies on the effect of Hydroxyurea on Sickle Cell Disorders. (p. 1)
Prajapati Vandana N. and Tank S.K.

2 Electrophoretic Studies on Hemoglobin of Patients Suffering from Sickle Cell Disorders in Tribal of South Gujarat Region. (p. 7)
Prajapati V.N. and Tank S.K.

**Chemistry**

3 Synthesis and Dying Performance of Some New Non Benzidine Reactive Dyes. (p. 14)
Patel Divyesh R., Bilimoriya Jignesh T. and Patel Keshav C.

**Computer Science**

4 An Effective Method for Video Segmentation and Summarization. (p. 25)
Chaturvedi Nidhi and Barve Amit

5 Analyzing Surfing Pattern of Web Surfer Using HTML Meta Tags. (p. 32)
Chaudhari Vimal K. and Desai apurva A.

6 Wavelet and Multiwavelet based Synthetic Aperture Radar (SAR) Image Compression. (p. 39) Magar G.M., Humbe V.T., Gornale S.S. and Kale K.V.

7 MPEG 7 Shape Dataset Tagging Using Feed forword Neural Networks. (p. 52)
Patil Manoj P. and Kohle Satish R.

8 Challenge-Response System with White-listing and Black-listing to Block Spam emails. (p. 57)
Survade Ajay U. and Kohle Satish R.

**Mathematics**

9 A Mathematical Wave Model for Constructing a Wave Reflector to Protect the Beaches. (p. 63)
Prajapati Mahendra B.

**Physics**

10 Study of Absorption and Energy Band Gap of Solution Growth NaF,NaC1 and NaF:NaC1 Mixed Crystals. (p. 73)
Mistry K.A. and Patel I.B.

**VNSGU Journal of Science and Technology. (A Biannual Publication). Vol.2.Issue 2, July-December 2010. ISSN 0975-5446**

**Bioscience**

1 Control of Biological Oxidation to Prevent Acid Drainage at Lignite Mine. (p. 83)
Joshi B.H. and Dave S.R.

2 Studies on Importance of Breastfeeding Awareness Amongst Students and Mothers. (p. 92)
Bhardwa Ketan, Desai Jaigna, Pachhigar Pranav, Pillai Lakshmi and Tank S.K.

3 Evaluation of Reagents for the Development of Third Generation ELISA for the Detection of HIV. (p. 101)
Pillai Vera Lakshmi, Desai Jigna and Tansk S.K.

4 Preliminary Observations on Health Symptoms Expressed by Inhabitants Living in the Vicinity of Cellular Phone Base Stations. (p. 106)
Gadhia Pankaj and others.

**Computer Science**

5 Object Persistence Framework for Optimized Storage In.Net. (p. 113)
Tailor Priti M. and Morena Rustom D.

**Physics**

6 Interfaces Between Gallium and Silicon. (p. 121)
Modi B.P.

**Mathematics**

7 Initial Value Techniques to Estimate the Transverse Curvature Effects on Non- Newtonian Flow Past A Slender Parabolic Body of Revolution. (p. 125)
Lad Kruti K. and Timol M.G.

**Statistics**

8 Some More Reasons for Preferring Mean Deviation over Standard Deviation for drawing. (p. 132)
Naik V.D. and Desai J.M.

(Prepared by : B. J. Ankuya)

ઉપરોકત જર્નલ્સ યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે. ઉપભોકતાઓ તેનો ઉપયોગ કરી શકે છે અને ઈચ્છિત સંશોધન લેખની પ્રતિલિપિ પણ પ્રાપ્ત કરી શકે છે.

## Go Green Rally



The students of MSW Programme, Department of Sociology, in association with J.C.I. Surat had organized a "Go Green Rally". The students and faculty of M.S.W. Programme activity participated to make people aware for sustaining environment, planting trees and using cloth bags instead of plastic bags. The Rally started from kakadia compex to Kargil Chowk on 9th Sept,2011 in between 8.30 to 10.00 A.M. The aim of the rally was "To Save The Environment".

M.S.W. Programme, Dept of Sociology had organized a "Training Programme named "Problem Solving" for the MSW students. This was held in the seminar hall of Social Science building on 10th Sept, 2011. The trainer of the Programme was a National trainer JC Minaxi Bhatnagar. The JCI Presidents and members of different chapters with the faculty of MSW Prog. actively participated in it.



## Ph.D.



યુનિવર્સિટીના તુલનાત્મક સાહિત્યના આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રી મુકેશ આર. વસાવાએ "ભારતીય નવલકથામાં પ્રકૃતિ અને સંસ્કૃતિ : એક વિષયવસ્તુલક્ષી તુલનાત્મક અભ્યાસ : પસંદગીની વિશેષ કૃતિઓના સંદર્ભે [(તત્વમસિ (ગુજરાતી), આરણ્યક (બંગાળી), અમૃતેર સંતાન (ઓડિયા), 'કુરિંજ થેન' (તમિલ), પાણકળા (મરાઠી), પૃથિબીર હાંહિ (અસમિયા) અને જંગલ કે ફૂલ (હિન્દી)]" શીર્ષક તળે ડૉ. દમયંતીબેન પરમાર, પ્રોફેસર એન્ડ હેડ, તુલનાત્મક સાહિત્ય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના માર્ગદર્શન તળે શોધનિબંધ પ્રસ્તુત કરેલ જેને યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરેલ છે. અભિનંદન.

## M.Phil.

A list of Dissertations accepted by Veer Narmad South Gujarat University, Surat during July 2011 to August 2011.

**BIOSCIENCE (Animal Sciences)**

1 Nandre, Yogeshwar M. **Study of physico-chemical parameters of Panza Dam (Latipada Dam) of Dhule District** (Maharashtra). (Dr.S.K.Tank), Associate Professor, Department of Biosciences, VNSGU, Surat.

2 Shewale, Shivprasad S. **Magnitude of pesticidal contamination in soil and water from Sakri Taluka of Dhule District Maharashtra.** (Dr.S.K.Tank), Associate Professor, Department of Bio Sciences, VNSGU, Surat.

**EDUCATION**

1 Mistry, Sangitaben K. **M.Ed.na vidhyarthionu open book exam.** (khulla pustak sathey ni pariksha) sandarbhe prataykshikaran. (Dr.Ummed Singh), Professor, Department of Education, VNSGU, Surat.

**GUJARATI**

1 Desai, Shobhanaben C. **"Dwiref" nu ketalik vartao maa samajdarshan.** (Dr.M.C. Shah), Assistant Professor, Shah N.H.Commerce College, Valsad.

2 Naik, Kalpanaben G. **Dalpat Chauhan ni navalkathao maa dalit chetna.** (Dr.N.M. Vegda), Assistant Professor, Shri Vanraj Arts-Commerce College, Dharampur.

**MICROBIOLOGY**

1 Balsara, Aparna D. **Screening and characterization of siderophore producing bacateria from sugarcane rhizosphere.** (Dr.B.H.Joshi), Assistant Professor, C.G.B.I.B., Gopal Vidyanagar.

**PHYSICAL EDUCATION**

1 Patel, Manishkumar V. **Rop Malkhambh ni talim dwara talimarthio ni namniyata ane pet na snayuo ni sahanshakti par thati asaro no abhyas.** (Dr.K.J.Gohil), Assistant Professor, Shree G.P.Degree College of Physical Education, Rajpipla.

2 Vasava, Sonalben S. **Narmada Jillani adivasi vistar ane shaheri vistarna vidhyarthiono sharir parimiti ane sharirik kshmata mapan no tulanatmak abhyas.** (Dr.C.B. Kagathara), Principal, Shree G.P.Degree College of Physical Education, Rajpipla.

**[Prepared by B.J. Ankuya, Assistant Librarian]**

## ફાઉન્ડેશન કોર્સ

માનવ સંસાધન વિભાગ દ્વારા એમ.એચ.આર.ડી. અને એમ.એલ.ડબલ્યુ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ માટે કમ્પ્યૂટર એપ્લીકેશન, કોમ્યુનીકેશન સ્કીલ અને આંકડાશાસ્ત્ર વિષયમાં ફાઉન્ડેશન કોર્સ શરૂ કરવામાં આવ્યા છે. કુલ ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ આ કોર્સનો લાભ લઈ રહયા છે. ફાઉન્ડેશન કોર્સના વર્ગો સોમવાર થી શુક્રવાર સવારના ૯.૩૦ થી ૧૦.૪૫ સુધી ચાલે છે. આ ફાઉન્ડેશન કોર્સનો મુખ્ય ધ્યેય વિદ્યાર્થીઓની ક્ષમતા વધારવાનું છે જેથી તેમની રોજગારની તકો વધી શકે. યુનિવર્સિટીના પદાધિકારીઓ કુલપતિશ્રી અને કુલસચિવશ્રીની પ્રેરણા અને સહયોગથી ટુંક સમયમાં વિશ્વની ખ્યાતનામ યુનિવર્સિટીઓના વ્યાખ્યાનો અને નોબેલ પારીતોષિક વિજેતાઓના વ્યાખ્યાનો પણ વિદ્યાર્થીઓને દર્શાવવામાં આવશે.

## જીસ્લેટ - તાલીમ

યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્ર વિષયમાં જીસ્લેટ આપવા માગતા ઉમેદવારો માટે તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમ વર્ગો દર શનિવારે બપોરના ૪.૦૦ થી ૬.૦૦ દરમ્યાન ચલાવવામાં આવે છે. તાલીમનું સંચાલન અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. સુભદ્રા રગોથ્થમન સંભાળી રહયા છે. આ તાલીમ ડૉ. કિરણ પંડયા, ડૉ. ગૌરાંગ રામી, પ્રા. સચીન મહેતા, ડૉ. ધવલ પંડયા અને ડૉ. સ્મૃતિ બલસારી સેવા આપી રહયા છે. માનવ સંસાધન વિકાસ દ્વારા જરૂરી માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ વર્ષે સુરત કેન્દ્રમાંથી ૨૮ ઉમેદવારો અર્થશાસ્ત્ર વિષયમાં પરીક્ષા આપી રહયા છે. યુનિવર્સિટીના કુલપતિશ્રી અને કુલસચિવશ્રીની પ્રેરણા અને સહયેગથી તાલીમ વર્ગો નિયમિત રીતે ચાલે છે. અર્થશાસ્ત્રના અન્ય અધ્યાપક મિત્રો, સંશોધકો અને વિદ્યાર્થીઓને જીસ્લેટ/નેટ વગેરેની પરીક્ષાઓની તૈયારી માટે માર્ગદર્શનની જરૂર હોય તેમણે અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. સુભદ્રા રગોથ્થમનનો સંપર્ક કરવો.

## ૪૩મો વાર્ષિક પદવીદાન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનો ૪૩ મો વાર્ષિક પદવીદાન સમારંભ તા. ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૨ના રોજ યોજાનાર છે. જુલાઈ, ૨૦૧૧ સુધીમાં વિવિધ પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ પાસેથી પદવી પ્રમાણપત્રો મેળવવા માટેની અરજીઓ સ્વીકારવામાં આવશે.

જે વિદ્યાર્થીઓએ માર્ચ/એપ્રિલ/મે/જુન ૨૦૧૧માં રેગ્યુલર વિદ્યાર્થી તરીકે પરીક્ષા આપી છે, એવા જે વિદ્યાર્થીઓના પદવી પ્રમાણપત્ર મેળવવાના ફોર્મ કોલેજ દ્વારા પરીક્ષા ફોર્મ સાથે જ ભરાઈ ગયેલ છે તેવા વિદ્યાર્થીઓએ ફોર્મ ભરવાના રહેશે નહીં.

ભરેલ ફોર્મ સ્વીકરવાની છેલ્લી તા. ૧૧-૧૧-૨૦૧૧, સાંજે ૪.૦૦ કલાક સુધી નિર્ધારિત થયેલ છે.

પદવી પ્રમાણપત્રના ફોર્મ મેળવવા માટેની મુદત ૧૨-૯-૨૦૧૧ થી ૧૧-૧૧-૨૦૧૧ સુધી છે.

(૧) પદવી અંગેના આવેદનપત્રો રૂા. ૨૦.૦૦ની રોકડ કિંમતે કાર્યાલયના કામકાજના દિવસો દરમ્યાન મળી શકશે. (૨) આવેદનપત્ર યુનિવર્સિટીની વેબસાઈટ www.vnsgu.ac.in તેમજ vnsguexam.org પરથી ડાઉનલોડ કરી શકાશે. ડાઉનલોડ કરેલ ફોર્મ ભરનાર વિદ્યાર્થીઓને ફોર્મ જમા કરાવતી વખતે આવેદનપત્રની ફી ભરવાની રહેશે, એટલે કે રૂા. ૧૯૦-૦૦ ભરવાના રહેશે

ફી રોકડેથી અથવા ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા સ્વીકારવામાં આવશે. ડિમાન્ડ ડ્રાફ્ટ કુલસચિવશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના નામનો મોકલવાનો રહેશે. વધુ વિગત માટે : પરીક્ષા વિભાગનો સંપર્ક કરવો.

# કોલેજ ન્યૂઝ

## વૃક્ષારોપણ

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલમોરાના તાલીમાર્થીઓએ સપ્તધારા અંતર્ગતની સામુદાયિક ધારા હેઠળ વનૌષધિઓ સહિત ૪૫૦ જેટલા છોડના રોપાઓ જ તે તાલીમાર્થીઓએ પોતપોતાના ગામના જાહેર સ્થળોએ રોપી નવી કેડી કંડારી હતી. બ્રહ્માકુમારીઝ કેન્દ્રની બહેનોના સહયોગથી રક્ષાબંધના અધ્યાત્મિક રહસ્યની જાણકારી સાથે અનોખી રીતે રક્ષાબંધના પર્વને મનાવ્યું હતું.

સ્વાતંત્ર્ય રક્ષાબંધનના અધ્યાત્મિક રહસ્યની જાણકારી સાથે અનોખી રીતે રક્ષાબંધનના પર્વને મનાવ્યુ હતું. સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી નિમિત્તે આકર્ષક પરેડ, મનનીય પ્રવચન અને દોઢેક કલાકનો રાષ્ટ્રીય ગીતોનો કાર્યક્રમ રજૂ કરી ભાવિ શિક્ષકોને રાષ્ટ્રપ્રેમ સાથે અનુબંધિત કર્યા હતા, સાથે સમગ્ર કોલેજ મકાન માટે સફાઈ અભિયાન આદર્યું હતું. ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. કિશોરકુમાર નાયકના માર્ગદર્શન અને કોલેજના તમામ અધ્યાપકોના સહૃદય સહયોગ સાથે ભાવિ શિક્ષકોને ઘડતર અંતર્ગત આ તમામ વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

## વ્યાખ્યાનમાળા



જે.પી. પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા-પારડી આયોજીત અને દક્ષિણ ગુજરાત ગુજરાતીનો અધ્યાપક સંઘ પ્રેરિત "વિદ્યા વિસ્તાર વ્યાખ્યાન માળા - ૧૨" નો અનુસ્નાતકના વિદ્યાર્થીઓ માટેનો કાર્યક્રમ તા. ૨૭-૮-૨૦૧૧ના રોજ પારડી કોલેજના સેન્ટ્રલ હોલમાં યોજાયો હતો. ઉદ્દ્ઘાટક તરીકે કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકર અને અતિથિ વિશેષ તરીકે પારડી એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ શ્રી જવાહરભાઈ દેસાઈ હાજર રહયા હતા. વ્યાખ્યાનમાળામાં ડૉ. નરેશભાઈ વેદ "ભારતીય સાહિત્ય," ડૉ. ગૌરાંગભાઈ જાનીએ "સાહિત્ય અને સમાજ" અને ડૉ. ભરતભાઈ મહેતાએ "લોકપ્રિય સાહિત્ય" વિષય પર વ્યાખ્યાનો રજૂ કર્યા હતા. ઉદ્દ્ઘાટક બેઠકમાં શ્રી ડૉ. દક્ષેશભાઈએ પ્રેરક વકતવ્ય આપ્યું હતું અને વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે "દરેક વ્યકિતએ એક દિવસ પૂરો થાય ત્યારે વિચારવું જોઈએ કે મગજની ડબ્બીમાં કોઈ નવો વિચાર (નવો સિક્કો) જમા થયો કે નહીં" ? સતત ગતિશીલ અને કાર્યરત રહેવાથી જ વ્યકિતગત વિકાસ અને આંતરિક વિકાસ શકય બને છે. શ્રી જવાહરભાઈ દેસાઈએ પારડી એજ્યુકેશન સોસાયટીનો પરિચય આપી વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. આચાર્યા ડૉ. હર્ષાવતીબેન પટેલે મહેમાનોનું શાબ્દિક અભિવાદન કરી સતત શિક્ષણની આરાધના જ આવા કાર્યક્રમોનો મુખ્ય હેતુ હોવો જોઈએ તેવું દર્શાવ્યું હતું. ડૉ. જગદીશભાઈ ગુર્જરે સંઘના પ્રમુખ તરીકે કાર્યક્રમની સફળતા ઈચ્છી હતી અને મંત્રીશ્રી ડૉ. ભરત પરીખે દ.ગુ. ગુજરાતીનો અધ્યાપક સંઘની પ્રવૃત્તિનો પરિચય આપ્યો હતો. આ કાર્યક્રમમાં દક્ષિણ ગુજરાતની લગભગ તમામ કોલેજોના અનુસ્નાતકના વિદ્યાર્થીઓ-અધ્યાપકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. છાયાબેન પટેલ અને આભાર વિધિ પ્રા. મુદિતાબેન મહેતાએ કરી હતી.

તા. ૨૬-૮-૨૦૧૧ના રોજ શ્રી નર્મદા કોલેજ ઓફ એજ્યુકેશન, માંગરોલ, તા. નાંદોદ જિ. નર્મદા ખાતે વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્યાખ્યાનમાળાનાં મુખ્ય વકતા શ્રી ઘનશ્યામભાઈ બી. પટેલ (સ્ટેટ ઈન્સ્પેકટર ઓફ ફીઝિકલ એજ્યુકેશન, ગાંધીનગર) ઉપસ્થિત રહયા હતા. શ્રી ઘનશ્યામભાઈ પટેલે શિક્ષકત્વની તાલીમ લીધા બાદ શિક્ષકના વ્યવસાયમાં આવતા પડકારો અંગે પોતાનું સુંદર વકતવ્ય રજૂ કર્યું હતું અને તાલીમાર્થીઓને પોતાનો વ્યવસાય નિષ્ઠા, પ્રામાણિકતાથી બજાવવા દિશાસૂચન રજુ કર્યું હતું. આ વ્યાખ્યાનમાં સમગ્ર કોલેજ પરિવાર ઉપસ્થિત રહયો હતો.

શ્રી નર્મદા કોલેજ ઓફ એજ્યુકેશન, માંગરોલ ખાતે ગત તા. ૩૦-૮-૧૧ના રોજ "યોગ પરિચય" વિષય પર વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું આ વિષય પર વ્યાખ્યાન માટે રાજપીપળા ગાયત્રી પરિવારના ડૉ. ભરતભાઈ દવે, શશિકલા બહેન તથા તેમની ત્રણ વિદ્યાર્થીની બહેનો ઉપસ્થિત રહયા હતા. આચાર્યશ્રી રામીએ પુષ્પગુચ્છથી પધારેલ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે શશિકલાબહેને પ્રાસંગિક ઉદ્દ્બોધન રજૂ કરી કાર્યક્રમનો દોર તેમની વિદ્યાર્થિનીઓને સોંપ્યો હતો. જેમાં કુ.રેનું બહેને યોગ અને તેના પ્રકારોની માહિતી આપી હતી. અને કુ. જયોતિબહેને વિવિધ યોગાસનો પ્રત્યક્ષ કરી બતાવ્ય હતા અને તાલીમાર્થીઓ પાસે પણ તેનો મહાવરો કરાવ્યો હતો. આમ, આ બંને બહેનોએ યોગ-યોગથી થતા ફાયદાઓ વિવિધ રોગો સામે રક્ષણ વગેરે મુદ્દાઓ પર સુંદર વકતવ્ય રજૂ કર્યું હતું. આ પ્રસંગે બી.એડ્., પી.ટી.સી. તેમજ સાર્વજનિક હાઈસ્કુલ, માંગરોલ આમ સમગ્ર પરિવાર ઉપસ્થિત રહયો હતો.

## ઉજવણી

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં શિક્ષકદિનની ઉજવણી ટ્રસ્ટી શ્રીમતી નીમાબેન જોષીના વરદહસ્તે કરવામાં આવી હતી. જેમાં તાલીમાર્થીઓ દ્વારા ગણેશવંદના અને શિક્ષકની ઝાંખી કરાવતા નાટકની ભજવણી થઈ હતી. ઈ.ચા. આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલે શિક્ષકદિનના સંદર્ભમાં તાલીમાર્થીઓને સંબોધન કરી આર્શીવચન પાઠવ્યા હતા. તાલીમાર્થીઓએ અધ્યાપકોને શ્રીમદ્ભગવદ્ગીતા અર્પણ કરીને પોતાના ગુરુજનો પ્રત્યેની લાગણી વ્યકત કરી હતી. શિક્ષક બનેલા સૌ તાલીમાર્થીઓએ પોતાની કામગીરી ખૂબ જ સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. ઉદ્દ્ઘોષિકા તરીકેની ભૂમિકા તાલીમાર્થીની પરમાર ઈશાનીએ અને આભારવિધિ જરીવાલા યશકમલે કરી હતી. તદ્પરાંત કવિ નર્મદની ૧૭૮મી જન્મ જયંતીની ઊજવણી કરવામાં આવી હતી. જેમાં શ્રી વલ્લભભાઈ ઠંઠે કવિ નર્મદના જીવન વિષે માહિતી આપી હતી. તથા કવિ નર્મદના જીવન-કવન અંગેની વિવિધ કૃતિઓની રજૂઆત કરવામાં આવી. કાર્યક્રમના ઉદ્દ્ઘોષક તરીકે તાલીમાર્થી સંજય જાદવે કામગીરી કરી હતી.

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજ્યુકેશન, ભરથાણા, વેસુ, સુરતમાં શિક્ષક-દિનની ઉજવણી થઈ. કાર્યક્રમની શરૂઆત દીપ-પ્રાગટય અને પ્રભુવંદનાથી થઈ હતી. અતિથિ વિશેષ તરીકે સંસ્થાના રજીસ્ટ્રારશ્રી ડૉ. એ.એન. ઠાકર ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમમાં તાલીમાર્થીઓ દ્વારા વકતવ્યો તેમજ નાટકો રજૂ કરવામાં આવ્યા. સાથે તાલીમાર્થીઓ દ્વારા શિક્ષણકાર્ય કરવામાં આવ્યું. શિક્ષકોનું પુષ્પ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. કાર્યક્રમના અંતે ડૉ. એ.એન. ઠાકર દ્વારા આર્શીવચનો આપવા આવ્યા હતા. કાર્યક્રમને અનુરૂપ કોલેજના ઈ.ચા. આચાર્યાશ્રી નયનાબેન ચૌહાણે પ્રાસંગિક ઉદ્દ્બોધન આપ્યું. કાર્યક્રમનું આયોજન પ્રા. ભાવિના દેસાઈ, પ્રા. કલ્પના પટેલ અને પ્રા. નીતા મોહિતે કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન જોષી વૈભવી, પંડયા જુહી તથા આભારવિધિ પટેલ અલ્પાએ કરી હતી.

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં ૬૫ માં સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે તા. ૧૫-૮-૨૦૧૧ના રોજ કોલેજના પટાંગણમાં ભગીની સંસ્થાના ભૂતપૂર્વ પ્રા. શ્રી વિનાયકભાઈ માલનકરના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. જેમાં કોમર્સ, આર્ટસ અને સાયન્સના તમામ સ્ટાફ સભ્યો તથા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો. વિદ્યાર્થીઓએ દેશભકિતના સૂત્રો પોકાર્યા તથા દેશભકિતના ગીતો ગાયા હતા.

પાંચમી સપ્ટેમ્બર ૨૦૧૧ના રોજ શ્રી એસ.બી. ગારડા આર્ટ્સ એન્ડ પી.કે. પટેલ કોલેજ સ્ટાફ કોમર્સમાં શિક્ષક દિવસ નિમિત્તે ગુરૂવંદના કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમ કોલેજના ડૉનર ટ્રસ્ટીશ્રી સબાવાલાના અધ્યક્ષપણા હેઠળ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. કે. એમ. દેસાઈ તથા ડૉ. એન.સી. શાહ અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમ કોલેજના વાઈસ પ્રિન્સિપાલ શ્રી આર. એલ.



ટીંમર તથા વાઈસ પ્રિન્સિપાલ શ્રી એમ.સી. નાયક તથા પ્રા. એ.એ. શેખના પ્રવચનથી શરૂ થયો હતો. મુખ્ય મહેમાન તથા અતિથિવિશેષશ્રી એ સમજમાં શિક્ષકનું મહત્વ તથા સમાજમાં તેના યોગદાનની મહત્તા દર્શાવી હતી. કોલેજના ડૉનર ટ્રસ્ટી શ્રી સબાવાલાએ તમામ અધ્યાપકો તથા બિન શૈક્ષણિક સ્ટાફનું પુષ્પ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ પણ ખૂબ મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં જોડાયા હતા.

જય ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી જી.એન. પંડ્યા બી.એડ્. કોલેજ, ભેસ્તાન ખાતે ૫ મી સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજના તાલીમાર્થીઓએ વિવિધ વિષયોના અધ્યાપકોની ફરજ બજાવીને સુંદર રીતે શિક્ષણકાર્ય કર્યું હતું. વિદ્યાર્થી પ્રતિનિધિમંડળ દ્વારા શિક્ષક બનેલા તાલીમાર્થીઓ અને કોલેજના અધ્યાપકોનું સન્માન કરવામાં આવ્યું હતું. કેટલાક તાલીમાર્થીઓએ બિનશૈક્ષણિક કર્મચારી તથા સેવકગણની ફરજ બજાવી સંસ્થા-સંચાલનનો અનુભવ મેળવ્યો હતો. આ પ્રસંગે ઈન્ચાર્જ આચાર્યા કુ. બિન્નીબેન મહેતાએ બધા તાલીમાર્થીઓને ભવિષ્યમાં એક સત્યનિષ્ઠ અને કર્મનિષ્ઠ શિક્ષક બનવાની શુભેચ્છા પાઠવી હતી.



તા. ૫-૯-૧૧ના રોજ શ્રી નર્મદા કોલેજ ઓફ એજ્યુકેશન, માંગરોલમાં શિક્ષકદિન તથા ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી દિવસની શુભ શરૂઆત BISAGE ચેનલ પર પ્રસારિત "શ્રેષ્ઠ શિક્ષક સન્નમાન સમારંભ"ને મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રમોદી તેમજ રાજયપાલશ્રી કમલાદેવીજી એ રાજયના શ્રેષ્ઠ શિક્ષકોનું શાલ ઓઢાડી સન્નમાન અને પુરસ્કાર આપ્યા હતા. તેમણે શિક્ષકદિન નિમિત્તે વકતવ્ય તેમજ રાજયના તમામ શિક્ષકોને શુભેચ્છા અને સંદેશ આપ્યા હતા. તેમજ મુખ્યમંત્રીશ્રી એ બાળકો સાથેની પ્રશ્નોત્તરી જવાબ આપ્યા હતા. આ કાર્યક્રમ સમગ્ર કોલેજ પરિવારે નિહાળ્યો હતો. બપોર પછીના સમયમાં કોલેજમાં બેસાડવામાં આવેલા ગણપતિજીના વિસર્જનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા સ્થાપના કરવામાં આવેલા ગણપતિજીની બ્રાહ્મણ દ્વારા મંત્રોચ્ચાર કરી પૂજા અર્ચના કરવામાં આવી હતી. ત્યારબાદ ગીતો, ભજનો, ગરબાઈ ગુલાલની છોળો ઉડાડી "ગણપતિબાપા મોરિયા"ના નાદ સાથે ઉત્તરવાહિની નર્મદામાં ગણેશજીને વિદાય આપી હતી. આ કાર્યક્રમમાં બી.એડ્. કોલેજ, પી.ટી.સી. કોલેજ, બી.આર.એસ. કોલેજ હાઈસ્કુલ આમ સમગ્ર કોલેજ પરિવાર ઉપસ્થિત રહયો હતો.

શ્રી નર્મદા કોલેજ ઓફ એજ્યુકેશન, માંગરોલ ખાતે તા. ૬-૯-૧૧ના રોજ સ્વશાસન દિનની ઉજવણી કરવામાં આવી હતી જેના ભાગરૂપે ૨૨ તાલીમાર્થી ભાઈઓ તથા બહેનોએ ભાગ લીધો હતો. જેમાં કોલેજના આચાર્ય તરીકે પટેલ વિનોદભાઈ અને ઈન્ચાર્જ આચાર્ય તરીકે પટેલ શીતલબેન એ ભૂમિકા ભજવી હતી. જયારે અન્ય તાલીમાર્થીઓએ શિક્ષકો, કલાર્ક, જુ. કલાર્ક, લાઈબ્રેરિયન તેમજ સાથી સહાયક વગેરેની ઉત્સાહપૂર્વક ભૂમિકા નિભાવી હતી.

અંકલેશ્વર સ્થિત સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજમાં બી.એડ્. કોલેજમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજી તથા ટ્રસ્ટીશ્રી કિશોરભાઈ પાનસુરિયાએ સૌ તાલીમાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. શિક્ષકદિનની ઉજવણી કાર્યક્રમ અંતર્ગત તાલીમાર્થીઓએ અધ્યાપકની ભૂમિકા ભજવી હતી. જેમાં બારડ વીરભદ્રસિંહ પ્રિન્સિપાલ તરીકેની ભૂમિકા ભજવી હતી. તાલીમાર્થી ગોહિલ ધર્મેન્દ્ર, પટેલ નયનતારા, ચૌહાણ દિપલ, પરમાર અલ્કાબેન, વાજા અનિશાબાનુંએ કમ્પલસરી પેપરનું શિક્ષણ કાર્ય કરાવ્યું હતું. સોલંકી વૈશાલી, માલાણી પાયલ, પટેલ હિના, પાંડે સોની, પ્રજાપતિ શિતલ, રેવણે નમ્રતા, જોશી તેજસ, પટેલ સ્મિતલ, પટેલ કોમલબેને મેથડનું શિક્ષણ કાર્ય કરાવ્યું હતું. બિનશૈક્ષણિક કર્મચારી તરીકે પટેલ યોગેશ, વેગડા ચાર્મી, શૈખ સમીરા, મોદી રીનલ, પટેલ સમીરાએ ભૂમિકા ભજવી હતી. અંતે તાલીમાર્થી તેમજ અધ્યાપકોએ તેમના પ્રતિભાવો રજૂ કર્યા હતા. ઈન્ચાર્જ આચાર્ય કૃણાલભાઈ પંચાલે પ્રાસંગિક ઉદ્બોધન કરતા કહયું હતું કે શિક્ષક માટે જે દિવસ વર્ગખંડમાં ભણાવવા મળે તે દરેક દિવસ શિક્ષક દિન જ હોય છે. આજના દિવસ જેવો ઉત્સાહ આજીવન શિક્ષકના વ્યવહારમાં હોવો જોઈએ. અને સમગ્ર દિવસ દરમિયાન સ્વયં શિક્ષક બનેલા તાલીમાર્થીઓમાંથી ગોહિલ ધર્મેન્દ્રકુમાર અને સોની પાંડેને શ્રેષ્ઠ શિક્ષક તરીકે નવજવામાં આવ્યા હતા.

## કેમ્પસ સફાઈ

એસ.બી. ગાર્ડા કોલેજ, નવસારીમાં તા. ૩-૮-૨૦૧૧ના રોજ કેમ્પસ સફાઈ અંતર્ગત સ્વચ્છતા કરવામાં આવી. કોલેજ તરફથી વિદ્યાર્થિનીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ લંચ પણ પીરસવામાં આવેલ.



## સ્પર્ધા

એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં કોલેજ સ્ટુડન્ટસ કાઉન્સિલની સાંસ્કૃતિક સમિતિ તથા સપ્તધારાની "ગીતસંગીત નૃત્યધારા" ના ઉપક્રમે વર્ષાગીતોની વ્યકિતગત ગીત સ્પર્ધા તા. ૪ થી ઓગષ્ટે યોજાઈ હતી. જેમાં હિન્દી તથા ગુજરાતી ફિલ્મી-ગેરફિલ્મી ગીતો સ્પર્ધકોએ રજૂ કર્યા હતા. નિર્ણાયક તરીકેની કામગીરી પ્રા. નરેન્દ્રભાઈ સોલંકીએ બજાવી હતી. સ્ટુડન્ટસ કાઉન્સિલની પ્લાનિંગ ફોરમ કમિટિ દ્વારા "રંગકલા કૌશલ્યધારા " અન્વયે આંતરકલાસીસ વિવિધ સ્પર્ધાઓ જેવી કે શિઘ્રચિત્ર, વોલ પેઈન્ટીંગ, કાર્ટૂન સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, વેસ્ટમાંથી બેસ્ટ અને મહેંદી સ્પર્ધા તા. ૮ મી ઓગષ્ટના રોજ યોજવામાં આવી હતી. આ વિવિધ સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકેની સેવા એલએમ.પી. રેવા હાઈસ્કુલ, બીલીમોરાના રીટાયર્ડ ડ્રોઈંગ ટીચર શ્રી ઉમેદભાઈ બી. પટેલે બજાવી હતી. આચાર્યા ડૉ. શ્રીમતી ભારતીબેન પંચોલીએ તમામ સ્પર્ધકોને તથા વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. તદ્પરાંત કોલેજ સ્ટુડન્સ કાઉન્સિલની "પ્લાનિંગ ફોરમ" કમિટિ દ્વારા "રંગકલા કૌશલ્યધારા" અન્વયે આંતર કલાસીસ વિવિધ સ્પર્ધાઓ જેવી કે આરતી શણગાર, સ્પર્ધા, વાનગી સ્પર્ધા તથા બેસ્ટ હેન્ડરાઈટીંગ સ્પર્ધા તા. ૩૦ મી ઓગષ્ટના રોજ યોજવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકેની સેવા એલ.એમ.પી. રેવા હાઈસ્કુલ, બીલીમોરાના રીટાયર્ડ ડ્રોઈંગ ટીચર શ્રી ઉમેદભાઈ બી. પટેલે અને શ્રીમતી નિશાબેન ડી. શાહે બજાવી હતી. આચાર્યા ડૉ. શ્રીમતી ભારતીબેન પંચોલીએ તમામ સ્પર્ધકોને તથા વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ભગવાન મહાવીર એજયુકેશન ફાઉન્ડેશન સંચાલિત શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન ભરથાણા, વેસુ, સુરતમાં ગણેશોત્સવ નિમિત્તે આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં જોષી વૈભવીએ દ્વિતીય વર્ગ પ્રાપ્ત કર્યો. નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. સરલાબેન સંતવાણી અને ડૉ. એ.એન. ઠાકરે સેવા આપી હતી. અતિથિ વિશેષ તરીકે ટ્રસ્ટી શ્રીમતી લીનાબેન જૈન હાજર રહયા હતા. સ્પર્ધાનું આયોજન પ્રા. દેવાંગના પટેલ, પ્રા. અખિલેશ નાયક, પ્રા. દિપ્તીબેન શ્રોફે કર્યું હતું.

તા. ૨૫-૦૮-૨૦૧૧ના રોજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડ કોલેજ ખાતે યોજાયેલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ઈન્ટર કોલેજ ટેબલ ટેનિસ(ભાઈઓ) ટુર્નામેન્ટમાં કુલ ૩૩ ટીમોએ ભાગ લીધો હતો સમગ્ર ટુર્નામેન્ટ ખુબ રસાકશી ભરી હતી જેમાં ઈવનીંગ કોલેજ ડી.આર.બી. કોમર્સ કોલેજને ૩-૧ના સેટ થી પી.ટી. સાયન્સ ને ૩-૧ થી નવયુગ કોમર્સ કોલેજ ને ૩-૦ થી એસ.પી.બી. કોમર્સ કોલેજ ને ૩-૦ થી અને ફાયનલ માં વી.ટી. ચોકસી લો કોલેજ ને ૩-૨ થી જોરદાર માત આપી યુનિવર્સિટી ચેમ્પીયનશીપનું ટાઈટલ હાંસલ કર્યું હતું. સમગ્ર ટુર્નામેન્ટમાં કેપ્ટન દેસાઈ ભાવિન નો જોરદાર દેખાવ રહયો હતો ટીમના અન્ય સભ્ય કાપડીયા વિશ્વ, ટોટલા નિતિન, ગોયલ રાહુલ અને પટેલ કુપલે ચેમ્પીયનશીપ મેળવવામાં મહત્વની ભુમિકા ભજવી હતી. આ સિદ્ધી બદલ સર કે.પી. કોલેજ ઓફ કોમર્સના પ્રિ. ડૉ. યુ.ટી.દેસાઈ, તેમજ કોલેજના ઈન્ચાર્જ પ્રિ. પ્રા. બંટી ભાઈ શાહ તેમજ જીમખાના કમિટીના સભ્યો અને સમગ્ર કોલેજ સ્ટાફ પરિવાર તરફથી અભિનંદન પાઠવ્યા છે. સમગ્ર ટુર્નામેન્ટમાં કોચ તરીકે પ્રા. જિગ્નેશ ટંડેલ અને મેનેજર તરીકે પ્રા. અમિત પટેલ રહયા હતા.

ભગવાન મહાવીર એજયુકેશન ફાઉન્ડેશન સંચાલિત ભગવાન મહાવીર કોલેજ ઓફ એન્જીનિયરીંગ દ્વારા ગણેશોત્સવ નિમિત્તે આંતર કોલેજ ભજન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશનની ત્રણ તાલીમાર્થી બહેનોએ ભાગ લીધો હતો. (૧) પટેલ રોશની (૨) સારંગ ટિંવકલ (૩) સોલંકી મેઘના. જેમાં સારંગ ટિંવકલે દ્વિતીયક્રમે વિજેતા થઈ હતી. નિર્ણાયક તરીકે ડૉ. સ્નેહલતાબેન તેમજ, આ. પ્રોફેસર ભાવિના દેસાઈએ સેવા આપી હતી. અતિથિ વિશેષ તરીકે કોલેજનાં ટ્રસ્ટી શ્રીમતી લીનાબેન જૈન ઉપસ્થિત રહયા હતા. વિજેતાકૃતિને ઈન્ચાર્જ આચાર્યાશ્રી નયનાબેન ચૌહાણે તથા સમગ્ર કોલેજનાં અધ્યાપકમિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

## આરોગ્ય

ભગવાન મહાવીર એજયુકેશન ફાઉન્ડેશન સંચાલિત શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, ભરથાણા, વેસુ, સુરત તથા ભગવાન મહાવીર કોલેજ ઓફ એન્જીનિયરિંગના સંયુકત ઉપક્રમે તા. ૦૯-૦૯-૨૦૧૧ના રોજ રકતદાન શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના અધ્યાપકો અને તાલીમાર્થીઓએ રકતદાન કર્યું હતું. કોલેજના ઈ.ચા. નયનાબેન ચૌહાણ તથા સામાજિક સમિતિનાં અધ્યક્ષ પ્રા. ભાવિનાબેન દેસાઈ ઉપસ્થિત રહીને તાલીમાર્થીઅઓને પ્રોત્સાહન આપ્યું હતું. તાલીમાર્થીઓએ ઉત્સાહ સભર રકતદાન કર્યું.

## એન.એસ.એસ.

રાષ્ટ્રીય સેવા યોજના, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા. ૩-૯-૨૦૧૧ના રોજ યુનિવર્સિટી સંયોજિત અનેક કોલેજોના પ્રોગ્રામ ઓફિસર્સ અને વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃત્તિઓમાં પોતાનું કૌશલ બતાવીને પસંદગી પામવા માટેનું આ સ્નેહમિલન હતું. તેમાં એસ.બી. ગારડા આર્ટ્સ એન્ડ પી.કે. પટેલ કોલેજ ઓફ કોમર્સના એન.એસ.એસ.ના બે વિદ્યાર્થી ભાઈઓ તથા એક વિદ્યાર્થિની બહેને ભાગ લીધો હતો. (૧) પ્રજાપતિ મુકેશભાઈ તલકાભાઈ, (૨) પટેલ નિશાબેન નટવરભાઈ, (૩) માલવિયા રાહુલ વશરામભાઈએ પ્રવૃત્તિઓમાં ભાગ લીધેલ.

## વાર્તાલાપ

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં કોલેજ ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે "મને ગમતું પુસ્તક" વાર્તાલાપ તા. ૨૫ મી ઓગષ્ટના રોજ યોજવામાં આવ્યો હતો. જેમા કોલેજના ત્રણ વિદ્યાર્થીઓએ તેમને ગમતાં પુસ્તક પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. પ્રા. એન.બી. સોલંકીએ પોતાના પ્રસંગોચિત પ્રવચનમાં વિદ્યાર્થીઓને સારૂ વાંચન કરવા અને સારી રજૂઆત કરવા માટે જરૂરી સૂચનો કર્યા હતા.

## વિજ્ઞપ્તિ

સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સાદર જણાવવાનું કે, કોલેજના અદ્યતન સમાચાર 'દક્ષિણાયન'માં પ્રગટ કરવા માટે

બી.જે. અંકુયા

તંત્રી, 'દક્ષિણાયન'


વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય,

ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭ને મોકલી આપવા વિનંતી.

## પ્રકાશન




ઉજ્જવલ. (અંક-૫, વર્ષ ૨૦૧૦-૧૧) ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઉધના સિટિઝન કોમર્સ કોલેજ, ઉધના, સુરત. સંપાદક : પ્રા. સંજય પટેલ, સહ સંપાદક-પ્રા. કલ્પેશ કંસારા.




उच्चैस्तराम् (વો. ૨૬, વર્ષ ૨૦૧૦-૧૧). બી.પી. બારિયા સાયન્સ ઈન્સ્ટીટયૂટ, નવસારી. સંપાદક મંડળ - ડૉ. જે.એચ.ટંડેલ અને પ્રા. બી.એન. પરમાર.



અનુદિત. (અંક : ૮, વર્ષ ૨૦૧૦-૧૧). સરકારી શિક્ષણ મહાવિદ્યાલય, કરચેલિયા. સંપાદકો : પ્રા. દિલીપભાઈ ગામીત, પિયુષ ચૌધરી અને કુ. જયના ચૌધરી.



નવનિર્માણ. (અંક-૯, વર્ષ ૨૦૧૦-૧૧). ડી.આર. પટેલ અને આર.બી. પટેલ કોમર્સ કોલેજ, ભરથાણા, સુરત. સંપાદકો : પ્રા. કલ્પેશ ટેલર, પ્રા. રોહન પટેલ અને ડૉ. નિકિતા દોશી.



કાવેરીકમ્ (વર્ષ ૨૦૧૦-૧૧, અંક-૨૨) એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા. સંપાદક : પ્રા. એન.બી. સોલંકી અને ભિલારે નિખિતા વિષ્ણુભાઈ

## પુસ્તક પરિચય

**સમુત્ક્રાંતિની ક્ષિતિજે.**
સંપાદક : એચ.એમ. પટેમ અને સેસિલ ક્રિસ્ટી.
પ્રકાશક : એ.જે. શાહ, કલેક્ટર, સુરત. પૃ. ૩૩૦.

રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન, ૨૦૧૧ની શાનદાર ઉજવણી સુરત ખાતે થઈ હતી. આ પ્રસંગને અનુરૂપ આ ગ્રંથનું પ્રકાશન કરવામાં આવેલ છે. આ ગ્રંથમાં 'સુરત જિલ્લોઃ એક વિહંગાવલોકન, 'ખૂબસૂરત સુરત' વિભાગમાં લેખ નંબર ૧ થી ૨૬ લેખ, 'મોગલ ઈતિહાસ' વિભાગમાં ૨૭ થી ૩૦ લેખ, 'એશ તુ કર' વિભાગમાં ૩૧ થી ૪૪ લેખ, 'ઉદ્યોગ' વિભાગમાં ૪૫ થી ૫૬ લેખ, 'વાયબ્રન્ટ ગુજરાત' વિભાગમાં ૫૭ થી ૭૦ લેખોનો સમાવેશ થાય છે.

આ ગ્રંથમાં પ્રસિધ્ધ સાહિત્યકારો અને અન્ય વિષયના પ્રસિધ્ધ લેખકોની પ્રસિધ્ધ થયેલ વિવિધ વિષયોની વિવિધ કૃતિઓમાં પ્રાચીન સુરત અને આધુનિક સુરતની આપણને ઝાંખી થાય છે. આ ઝાંખી પરથી સુરતને અનહદ પ્રેમ કરવાનું મન થાય છે. ગ્રંથમાં આધુનિક મુદ્રણકલાના પ્રયોગથી રચવામાં આવેલ નયનરમ્ય ફોટાઓ પણ આપણને નજરે પડે છે; જે ગ્રંથનું વાચન કરવા માટે પ્રેરણા આપે છે. આ નયનરમ્ય ફોટાઓથી ગ્રંથ વધુ નયનરમ્ય બને છે. બેમિસાલ સુરતની બેપનાહ ખૂબસૂરતી આ ફોટાઓમાં નજરે પડે છે. સુરત વિષેનો આ સંદર્ભ ગ્રંથ પ્રત્યેક સુરતીના ઘરમાં અને સુરતનાં પ્રત્યેક ગ્રંથાલયોમાં ઉપલબ્ધ હોવો જોઈએ.

યુનિવર્સિટી ગ્રંથાલયના 'સુરત' સ્વતંત્ર ગ્રંથસંગ્રહમાં સુરત સંબંધિત અન્ય ગ્રંથો ઉપલબ્ધ છે. આ વિષે અધ્યયન કરવા ઈચ્છતા સૌકોઈએ ગ્રંથાલયની મુલાકાત લેવી રહી.

બી.જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

---

તમે જયારે કાંઈક જુદું વિચારો ત્યારે વિરોધનો વંટોળ પેદા થાય. 'હું એકલો જ સાચો અને બાકીના બધા ખોટા' એ પરિસ્થિતિમાં મુકાવું ખૂબ અઘરું છે. કોઈ તમારા પર રાજી થાય અને બાકીનાં વળતો પ્રહાર કરે.

લેરી એલિસન (ઓરેકલના સ્થાપક અને સીઈઓ)

ઉચ્ચ સ્તરે જો નૈતિકતા જળવાતી ન હોય તો નીચેના લોકો બેલગામ બની રહે તે સ્વાભાવિક છે.

રોબર્ટ નોયક (માઈક્રોચીપ પાછળની હસ્તી)

પોતાના વિદ્યાર્થીને પોતાનાથી આગળ નીકળી જવા સક્ષમ બનાવવો એ એક શિક્ષકની મહાનત્તમ સિદ્ધિ છે.

જોહન કેમેની (બેઝિકના ડેવલપર)

---

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : B J Ankuya, Assistant Librarian**
**Published by : J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com